પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૫-૦૯-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ઈન્ડિયા ગઠબંધન દેશને ગુલામીમાં ધકેલવા માંગે છે : વડાપ્રધાન

## ગઠબંધનની નીતિ છે ભારતની સંસ્કૃતિ પર હુમલો કરવાની ભારતીયોની આસ્થા પર હુમલો કરવાની નીતિ છે

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્ય પ્રદેશના બીનામાં ૫૦,૭૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો. આ દરમિયાન જનસભાને સંબોધતા પીએમ મોદીએ સનાતન પર ચાલી રહેલી વિવાદ અંગે વિપક્ષના ગઠબંધન ઈન્ડિયા પર આકરા પ્રહાર કર્યા હતા.



વડાપ્રધાન મોદીએ કહ્યું કે વિપક્ષે ઈન્ડિયા ગઠબંધન બનાવ્યું છે. તેને કોઈ ઘમંડિયા ગઠબંધન પણ કહે છે. મુંબઈની બેઠકમાં ઘમંડિયા ગઠબંધને નીતિ બનાવી છે. તેમનો છૂપાયેલો એજન્ડા છે. તેમની નીતિ છે ભારતની સંસ્કૃતિ પર હુમલો કરવાની. ભારતીયોની આસ્થા પર હુમલો કરવાની નીતિ છે. આ લોકો સનાતનને ટાર્ગેટ કરી રહ્યા છે. સનાતન પરંપરાને સમાપ્ત કરવાનું વિચારી રહ્યા છે. ગાંધી, લક્ષ્મીબાઈએ સનાતનથી પ્રેરણા લીધી હતી, પરંતુ આ ઘમંડિયા ગઠબંધનના લોકો સનાતનને ખતમ કરવા માંગે છે. સનાતનને તહેસ નહેસ કરવા માંગે છે.

પીએમ મોદીએ કહ્યું કે આજે આ લોકોએ ખુલીને બોલવાનું શરૂ કરી દીધુ છે. ખુલીને હુમલા કરવા માંડ્યા છે. દેશના દરેક ખૂણે ખૂણે દરેક સનાતનીએ, દેશની માટીથી પ્રેમ કરનારાઓએ સતર્ક રહેવાની જરૂર છે. તેઓ દેશને ગુલામીમાં ધકેલવા માંગે છે. પરંતુ આપણે મળીને આવી તાકાતોને રોકવાની છે. આપણી એકજૂથતા, સંગઠનની શક્તિથી તેમના મનસૂબાઓને નિષ્ફળ કરવાનું છે. ભાજપ રાષ્ટ્રભક્તિની સેવા માટે સમર્પિત છે. ભાજપ હંમેશાથી એક સંવેદનશીલ પાર્ટી છે. જે દેશ હિત માટે કામ કરે છે.

પીએમ મોદીએ કહ્યું કે ઈન્ડિયા ગઠબંધનના નેતા સનાતનને ખતમ કરવા માંગે છે. સનાતનને તહેસ નહેસ કરવા માંગે છે. આપણે મળીને આવી તાકાતોને રોકવાની છે. સંગઠનની શક્તિથી, એકજૂથતાથી મનસૂબાઓ નિષ્ફળ કરવાનું છે. મારા પરિજનો ભારતીય જનતા પાર્ટી રાષ્ટ્રભક્તિ, જનશક્તિ, અને જનભક્તિ અને જનસેવાની રાજનીતિથી પ્રેરિત છે.

મોદીએ કહ્યું કે ભારતીય ગઠબંધનના લોકો તે સનાતનનો નાશ કરવા માંગે છે, જેનાથી પ્રેરિત દેવી અહિલ્યા બાઈએ કામ કર્યું હતું. લોકમાન્ય ટિળકે આઝાદી માટે આગેવાની લીધી હતી, આજે આ ભારત ગઠબંધન એ જ સનાતનને નષ્ટ કરવા માંગે છે. આઝાદીની ચળવળમાં ફાંસી પર લટકેલા નાયકો કહેતા હતા કે પોતાનો આગલો જન્મ ભારત માતાની ગોદમાં આપવો જોઈએ. આ સનાતન સંસ્કૃતિ શબરીની ઓળખ છે. સનાતને ભારતને હજારો વર્ષોથી જોડી રાખ્યું છે. આ લોકો હવે સાથે મળીને તે સનાતનના ટુકડા કરવા માંગે છે. આ લોકોએ ખુલ્લેઆમ હુમલા કરવાનું શરૂ કરી દીધું છે. આ લોકો અમારા પર હુમલા વધારશે. આ દેશને પ્રેમ કરનાર દરેક વ્યક્તિએ સાવધાન રહેવાની જરૂર છે. સનાતનનો નાશ કરીને તેઓ દેશને હજાર વર્ષ સુધી ગુલામીમાં ધકેલવા માંગે છે. આપણે સાથે મળીને આવી શક્તિઓને રોકવી પડશે. અમારા સંગઠનની તાકાત એકતા દ્વારા તેમની યોજનાઓને નિષ્ફળ બનાવવાની છે. ભાજપ જનશક્તિ, દેશભક્તિ અને જનસેવા માટે સમર્પિત છે. ભાજપનો સુશાસનનો આ મૂળ મંત્ર છે. ભાજપ સરકાર તમારા ઘરે પહોંચીને તમારી સેવા કરવાનો પ્રયાસ કરે છે.

મોદીએ કહ્યું કે સરકારે કોરોના સમયગાળા દરમિયાન મફત રસીકરણ પૂરું પાડ્યું. સુખ-દુઃખમાં અમે તમારા સાથી છીએ. ૮૦ કરોડથી વધુ દેશવાસીઓને મફત રાશન આપ્યું. ગરીબ ભૂખ્યા ન રહે. અમારો પ્રયાસ હતો કે કોઈ ગરીબ માતાને પેટ બાંધીને સૂવું ન પડે. તે માતાને એ હકીકતથી ત્રાસ આપવો જોઈએ નહીં કે તેનું બાળક ભૂખ્યું છે. જેના કારણે ગરીબ માણસનો પુત્ર ગરીબ માણસના રાશન હાઉસની ચિંતા કરે છે. હું આજે પણ આ જવાબદારી નિભાવી રહ્યો છું. મારો પ્રયાસ છે કે મધ્યપ્રદેશ નવી ઊંચાઈએ પહોંચે. દરેક પરિવારનું જીવન સરળ બને. મોદીની ઉઠાંતરીનો ટ્રેક રેકોર્ડ તમારી સામે છે. તેમનું ટેપ રેકોર્ડિંગ સાંભળો, મારો ટ્રેક રેકોર્ડ જુઓ.

મોદીએ કહ્યું કે મને એ જોઈને ગર્વ થાય છે કે ભારતે ગુલામીની માનસિકતાને પાછળ છોડીને આગળ વધવાનું શરૂ કર્યું છે. કોઈપણ દેશ જ્યારે આવો નિર્ણય લે છે ત્યારે તેનું પરિવર્તન શરૂ થઈ જાય છે. તમે જી-૨૦ સમિટમાં પણ આની તસવીર જોઈ હશે. તમે બધાએ જોયું કે કેવી રીતે ભારતે જી-૨૦નું સફળતાપૂર્વક આયોજન કર્યું. તમારી ભાવનાઓ આજે સમગ્ર દેશની લાગણી છે. જો જી-૨૦એ આટલી મોટી સફળતા હાંસલ કરી છે તો તેનો શ્રેય મોદીને નહીં પણ તમારા બધાને જાય છે. આ તમારી તાકાત છે. આ ૧૪૦ કરોડ ભારતીયોની સફળતા છે. આ ભારતની સામૂહિક શક્તિનો પુરાવો છે. આ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે વિશ્વભરમાંથી વિદેશી મહેમાનો ભારત આવ્યા હતા. તેઓ એમ પણ કહેતા હતા કે આવો પ્રસંગ તેઓએ પહેલા ક્યારેય જોયો નથી. G-20 ના સફળ સંગઠન માટે મને અહીં કામ કરવાની જે તક મળી તે બદલ હું પણ આભાર વ્યક્ત કરું છું. સમગ્ર વિશ્વમાં મધ્યપ્રદેશની નવી છબી ઉભરી આવી છે.

(અનુ.પાના.નં.૨)

## ગુજરાતમાં દારૂબંધીને પડકારતી અરજીઓની ૯મી ઓક્ટોબરે હાઈ કોર્ટમાં સુનાવણી શરૂ થશે

અમદાવાદ,

ગુજરાતમાં વર્ષોથી ચાલી રહેલી દારૂબંધી વચ્ચે પણ વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી અને દેશી દારૂ પકડાય છે, દારૂબંધીના ફાયદાની સાથો સાથે ગેરફાયદા પણ ઘણાં છે તેમજ સમાનતાથી જીવવાના અને ખાવા-પીવાના અધિકારનું હનન થતું હોવાના દાવા વચ્ચે ગુજરાત હાઈ કોર્ટમાં થયેલી અરજીઓની હવે ૯મી ઓક્ટોબરથી સુનાવણી થશે. એક દેશ, એક કાયદાની હિમાયત કરતા અનેક નાગરિકોએ દારૂબંધીના કાયદાને નાબૂદ કરવા હાઈ કોર્ટમાં અરજી કરી છે. ગુજરાત હાઈ કોર્ટ ગુજરાત પ્રોહિબિશન એક્ટ, ૧૯૪૯ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓની સુનાવણી કરશે. આ કેસ ૧૨મી સપ્ટેમ્બરે ડિવિઝન બેંચ સમક્ષ લાવવામાં આવ્યો હતો. અરજદાર પક્ષે આ કેસની પ્રાથમિક સુનાવણીની માગ કરી હતી. આ કાયદાની શરૂઆતના સાત દાયકાથી વધુ સમય વીતી ગયો છે, જે શરૂઆતમાં બોમ્બે પ્રોહિબિશન એક્ટ તરીકે ઓળખાતો હતો. જો કે, કાયદાની અંદરની વિવિધ જોગવાઈઓની બંધારણીય માન્યતા ચકાસણી હેઠળ આવી છે. ઑગસ્ટ ૨૦૨૧માં ગુજરાત હાઈ કોર્ટના તત્કાલીન ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ બિરેન વૈષ્ણવની આગેવાની હેઠળની ગુજરાત હાઈ કોર્ટની બેન્ચના અગાઉનાં અવલોકનો અને તારણોને ધ્યાનમાં રાખીને આ અરજીઓની સુનાવણી ગુણવત્તાના આધારે કરવામાં આવશે. રાજ્યમાં દારૂબંધીના કાયદાને પડકારતી અરજી ૨૦૧૮માં થઈ હતી. ત્રણ ગુજરાતના રહેવાસીઓએ પ્રથમ અરજી દાખલ કરી હતી. તેમની ફાઈલિંગમાં તેઓએ પ્રોહિબિશન એક્ટની કેટલીક કલમો અને બોમ્બે ફોરેન લિકર રૂલ્સ, ૧૯૫૩ હેઠળ નિર્ધારિત વિવિધ નિયમો સામે વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ ૨૦૧૯ માં વિવિધ પૃષ્ઠભૂમિનું પ્રતિનિધિત્વ કરતા વાદીઓ દ્વારા વધારાની પાંચ અરજીઓ સબમિટ કરવામાં આવી હતી, જે તમામે કાયદાને પડકાર્યો હતો. અરજદારોએ ગોપનીયતાના અધિકાર પર તેમની પડકારનો આધાર રાખ્યો છે, જેને સુપ્રીમ કોર્ટ દ્વારા ૨૦૧૭થી અનેક ચુકાદાઓમાં મૂળભૂત અધિકાર તરીકે સ્થાપિત કરવામાં આવ્યો છે. ખાસ કરીને, બંધારણના અનુચ્છેદ ૧૪ હેઠળ સમાનતાના અધિકારના ઉલ્લંઘનનો આક્ષેપ કરીને, રાજ્ય બહારના પ્રવાસીઓ માટે આરોગ્ય પરમિટ અને કામચલાઉ પરમિટ સંબંધિત વિભાગો પર પ્રશ્નો ઊભા થયા છે.

## ભારત અને રશિયા વચ્ચે કનેક્ટિવિટી વધશે અને વેપારને પણ વેગ મળશે

નવીદિલ્હી,

પુતિન અને કિમ વચ્ચેની બેઠક પર આખી દુનિયાની નજર હતી ત્યારે ભારતે રશિયા સાથે મળીને એક મોટી યોજના બનાવી હતી. ભારત અને રશિયાએ ઈસ્ટર્ન મેરીટાઈમ કોરિડોર સ્થાપવા અંગે ચર્ચા કરી હતી. કેન્દ્રીય પોર્ટ અને શિપિંગ મંત્રી અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ઈસ્ટર્ન કોરિડોરનું સંચાલન ભારત અને રશિયા વચ્ચેના વેપાર સંબંધોના નવા યુગની શરૂઆત કરશે. તમને જણાવી દઈએ કે સર્બાનંદ સોનોવાલ રશિયાના વ્લાદિવોસ્તોકમાં આયોજિત ૮મી ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમની બેઠકમાં ભાગ લેવા આવ્યા હતા. આ દરમિયાન બંને દેશના નેતાઓ વચ્ચે આ વાતો થઈ. સોનોવાલે કહ્યું કે રશિયન મંત્રી એઓ ચેકુનકોવ સાથે દરિયાઈ સહયોગ અંગે ચર્ચા થઈ હતી. ઈસ્ટર્ન કોરિડોરના નિર્માણ બાદ ભારત અને રશિયા વચ્ચે કનેક્ટિવિટી વધશે અને વેપારને પણ વેગ મળશે. તેમણે કહ્યું કે રશિયા અને ભારતની મિત્રતા ઐતિહાસિક છે. બંને દેશો વચ્ચેના સંબંધો સામાન્ય હિતો પર આધારિત છે. આ કોરિડોરના નિર્માણથી બંને દેશોને મોટી સુવિધા મળશે. તમને જણાવી દઈએ કે ઈસ્ટર્ન મેરીટાઈમ કોરિડોરના નિર્માણથી ભારતીય અને રશિયન બંદરો વચ્ચે કાર્ગો પરિવહનમાં લાગતો સમય ૧૬ દિવસ ઓછો થઈ જશે. ભારતથી સામાન રશિયા પહોંચવામાં ૪૦ દિવસને બદલે ૨૪ દિવસ લાગશે. તમને જણાવી દઈએ કે બુધવારે વ્લાદિવોસ્તોકમાં પુતિન અને કિમ જોંગ વચ્ચે મુલાકાત થઈ હતી. દુનિયાની નજર આ બેઠક પર ટકેલી હતી. બંને નેતાઓ વચ્ચે લગભગ ચાર કલાક સુધી મુલાકાત ચાલી હતી. આ દરમિયાન બંનેએ અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. કિમ અને પુતિને રશિયા-યુક્રેન યુદ્ધ, યુરોપ અને કોરિયન પેનિનસુલાની સ્થિતિ અંગે ચર્ચા કરી હતી. આ દરમિયાન પુતિને કહ્યું કે તેઓ ઉપગ્રહ બનાવવામાં ઉત્તર કોરિયાની મદદ કરશે જ્યારે કિમે રશિયાને યુદ્ધમાં મદદ કરવાનું આશ્વાસન આપ્યું હતું.




મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જીલ્લા પંચાયત તેમજ જીલ્લામાં આવેલ છ તાલુકા પંચાયતના ભાજપના પ્રમુખ, ઉપપ્રમુખની વરણી



લુણાવાડા,
મહીસાગર જીલ્લાના જીલ્લા પંચાયત તેમજ છ તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી આજરોજ યોજાઈ હતી. મહીસાગર જીલ્લા પંચાયત તેમજ જીલ્લામાં આવેલ છ તાલુકા ની તમામ તાલુકા પંચાયતમાં ભાજપ બહુમતી ધરાવે છે. ત્યારે આજરોજ મહીસાગર જીલ્લા પંચાયત તેમજ જીલ્લાના તમામ છ તાલુકા પંચાયતમાં ભગવો લહેરાયો છે. જીલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયત ભાજપે જાળવી રાખી છે. ત્યારે ભાજપની જીત સાથે વિજય ઉત્સવ મનાવવામાં આવ્યો.

આ દ્રશ્ય છે મહીસાગર જીલ્લા પંચાયત સહિત જીલ્લાની અલગ અલગ તાલુકા પંચાયતના કે જ્યાં પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર વિજય થતા વિજય ઉત્સવ મનાવવામાં આવ્યો. આ સિવાય જીલ્લાના તમામ છ તાલુકાની તાલુકા પંચાયતમાં પણ ભારતીય જનતા પાર્ટીએ વિજય મેળવ્યો છે. આમ, સમગ્ર જીલ્લામાં ભગવો લહેરાતા ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારોને કાર્યકર્તાઓમાં અનેરો ઉચ્ચાર જોવા મળી રહ્યો છે. જીલ્લા ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો કાર્યકર્તાઓ દ્વારા જીલ્લામાં વિજય ઉત્સવને લઈ અને ફટાકડા ફોડી ઉજવણી કરી તો ડીજેના તાલે વિજય સરઘસ પણ નીકળ્યા તો જીલ્લા પંચાયત કચેરી ખાતે ગપુલીના તાલે કાર્યકર્તાઓ ઝૂમતા જોવા મળ્યા તો ગુલાલની છોડોની વચ્ચે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિજય ઉત્સવ મનાવવામાં આવ્યો.

**મહીસાગર જીલ્લા પંચાયત**
પ્રમુખ :- બાબુભાઈ કાંતિભાઈ પટેલ
ઉપપ્રમુખ :- નંદાબેન ખાટ
કારોબારી ચેરમેન :- ભાથીભાઈ જવરાભાઈ ડામોર

**લુણાવાડા તાલુકા પંચાયત**
પ્રમુખ :- ભલવેન્દ્ર પટેલ
ઉપપ્રમુખ :- મીનાબેન ચાવડા

**કડાણા તાલુકા પંચાયત**
પ્રમુખ :- મંગુબેન માલીવાડ
ઉપપ્રમુખ:- બિપિનભાઈ પંચાલ

**સંતરામપુર તાલુકા પંચાયત**
પ્રમુખ :- હરેશભાઈ વડવાઈ
ઉપપ્રમુખ :- આશાબેન ખાંટ

**ખાનપુર તાલુકા પંચાયત**
પ્રમુખ :- રસમિકા બેન ડામોર
ઉપપ્રમુખ :- નિશાંતભાઈ જોશી

**વીરપુર તાલુકા પંચાયત**
પ્રમુખ :- નિખિલ પટેલ
ઉપપ્રમુખ :- ગંગાબેન બારીયા

**બાલાસિનોર તાલુકા પંચાયત**
પ્રમુખ :- સવિતા ચૌહાણ
ઉપપ્રમુખ :- રામાભાઈ સોલંકી

## સંતરામપુરમાં બરોડા ગ્રામીણ બેંકનું રાત્રીમાં સાઈલેન્સર વાગતા દોડધામ



સંતરામપુર,
સંતરામપુર કોલેજ રોડ વિસ્તારમાં બરોડા ગુજરાત ગ્રામીણ બેંકનું રાત્રિના ત્રણ વકતાનો સાઈલેન્સર વાગતાં દોડધામ મચી જવા પામી હતી. બરોડા ગુજરાત ગ્રામીણ બેંકમાં બેંકની અંદર પ્રવેશ કરે તો ઓટોમેટીક સાઈલેન્સર વાગે એ રીતનું સાઈલેન્સર ગોઠવવામાં આવેલું હતું. જેથી કરીને બેંકની અંદરની સલામતી જળવાઈ રહે આ હેતુથી બેંકમાં સાઈલેન્સર લગાવવામાં આવેલું હતું. પરંતુ કયા જ કારણસર રાત્રિના ત્રણ વાગ્યાનો સાઈલેન્સર વાગવાનું ચાલુ રહેતા દોડધામ મચી ગઈ હતી આજુબાજુના રહીશોને સોસાયટી વિસ્તારના રહીશો આ સાઈલેન્સરના કારણે રાતના ઉભા થઈને જોવા આવતા અને ગભરાટ જોવા મળી આવેલી હતી. આ સાઈલેન્સરના કારણે આજુબાજુના રહીશો આખી રાત જગ્યા સવાર સુધી સાઈલેન્સર વાગતું રહ્યું પરંતુ તેને બંધ કરવા માટે કોઈ આવી જ ના રહ્યો. સાઈલેન્સર વાગતું રહ્યું અને રહીશો ગભરાઈ ગયા ચોર આયા....ચોર આયા.... રહીશો ઊંઘવાના બદલે આખી રાત પેટ્રોલિંગ કર્યું.

## જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર ખાતે જીલ્લા કક્ષાનો કલાઉત્સવ યોજાયો



સંતરામપુર,
જી.સી.આર.ટી..ગાંધીનગર પ્રેરિત જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર દ્વારા આયોજીત જીલ્લા કક્ષાનો કલાઉત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓમાં ચિત્રકલા કૌશલ્ય, સાહિત્ય રચનાનું કૌશલ્ય, વાદ્ય વગાડવાનું કૌશલ્ય,જેવા વિવિધ કૌશલ્યનો વિકાસ થાય તે માટે આ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે.

જેમાં ચિત્ર સ્પર્ધા, સંગીત વાદન સ્પર્ધા, સંગીત ગાયન સ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, G20 થીમ આધારીત પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ, ઉચ્ચતર માધ્યમિક વિભાગોનું આયોજન કરાયું હતું. જેમાં મહીસાગર જીલ્લાના સંતરામપુર, બાલાસિનોર, ખાનપુર, કડાણા, લુણાવાડા, વીરપુર તાલુકા માંથી વિદ્યાર્થીઓ આવ્યા હતા. તેમને પોતાના કૌશલ્યો અહીંયા રજૂ કર્યા હતા. તેમને પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર તેમજ પ્રમાણપત્ર અને પુરસ્કાર ઈનામ આપવામાં આવ્યા હતા. ડાયટ ડી.આર.યુ. શાખના સિનિયર લેક્ચર કનુભાઈ એસ.પટેલે સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં, નિર્ણાયકો, અધ્યાપકો, શિક્ષકો, ડી.એલ.એડ.ના તાલીમાર્થીઓ તેમજ સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સંતરામપુર તાલુકાના બાબરી ગામે અજાણ્યા વ્યક્તિની જંગલમાં ઝાડ ઉપર લટકતી લાશ મળી



સંતરામપુર,
સંતરામપુર તાલુકાના બાબરી ગામે જંગલમાં અજાણ્યા વ્યક્તિની ઝાડ ઉપર લટકતી લાશ જોવા મળી આવી. ગામના કોઈ એક વ્યક્તિએ ઝાડ ઉપર કઈ લટકે છે, તેમ ખબર પડતા ગામના લોકોને ભેગા કરવામાં આવ્યા અને બોલાવવામાં આવ્યા તો જંગલની અંદર ઝાડ પાસે ગયા હતા. તો ખબર પડી કે કોઈ વ્યક્તિની લાશ લટકી જોવા મળી આવેલી છે. લાશ એટલી ખરાબ થઈ ગયેલી કે તેને ઓળખવી તે પણ મુશ્કેલી બનેલી હતું. શરીરનો અડધા ઉપર અંગો ખલાસ થઈ ગયેલા જોવાઈ રહેલા હતા. આ ઘટનાની સંતરામપુર પોલીસને જાણ કરવામાં આવ્યું. સંતરામપુર પોલીસ ઘટના સ્થળે પહોંચીને તેનું પંચકેસ કરી અને વધુ તપાસ હાથ ધરી હાલમાં પોલીસે આ ઘટનાને જાણવા જોગ દાખલ કરી ઝાડ ઉપરથી લટકેલી લાશને ઉતારીને પોસ્ટમોર્ટમ કરવા માટે સંતરામપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હાલમાં આ આ લાશનો કોઈ ઓળખ થયેલ નથી. પોલીસ વધુ ઓળખ કરવા માટે તપાસ હાથ ધરી છે.

## સંતરામપુર આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે કેમ્પસ પ્લેસમેન્ટ કાર્યક્રમ યોજયું



સંતરામપુર,
આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર ખાતે પ્લેસમેન્ટ સેલના સંયોજક પ્રો.આર.પી. પરમારના માર્ગદર્શન અને સેલના સભ્યઓ ડો.ઈશાક પટેલ ડો.મુકેશભાઈ ડો.પંકજ ચૌધરી અને ડો.વિનોદ વણકરના પ્રયત્નો દ્વારા કોલેજ કેમ્પસ ખાતે નડિયાદ થી ભારતી એકસા ઈન્સ્યોરન્સ પ્રા.લી.માં પસંદગી માટે કંપનીના અધિકારી વિવેકભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહીને કેમ્પસ પ્લેસમેન્ટ કાર્યક્રમનું આયોજન કર્યું. જેમાં ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કોલેજના આચાર્ય ડો.અભય પરમાર અને IQAC કમિટીના કો-ઓર્ડીનેટર પ્રોફેસર દેવરાજ નંદા હાજર રહીને કંપનીના અધિકારીનું સ્વાગત કર્યું હતું. સાથે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા અને પ્લેસમેન્ટ ફેરનું સારી રીતે આયોજન કરવા બદલ સમગ્ર કમિટીને હાર્દિક અભિનંદન તેમજ ઉપસ્થિત રહેલા વિદ્યાર્થી મિત્રોને કોલેજ પરિવાર વતી આભાર સહ શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં ઈન્ટરવ્યૂ બાદ ૨૩ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

## સંતરામપુર તાલુકાની કણજરા પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી



સંતરામપુર,
સંતરામપુર તાલુકાના કણજરા પ્રાથમિક શાળામાં આજરોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં ધોરણ ૧ થી ૮ ના ૪૫ બાળકોએ શિક્ષક તરીકેની ભૂમિકા નિભાવી હતી. સફળ સંચાલન માટે આચાર્ય તરીકે પટેલિયા જીજ્ઞાસાબેન અને ઉપાચાર્ય તરીકે પટેલિયા પ્રિન્સ એ કામગીરી કરી હતી. તેમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળાના આચાર્ય ઉમેશભાઈ પૂંવારે તમામને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામના પાઠવી તમામને પ્રમાણપત્ર આપવામાં આવ્યા તેમજ શિક્ષક દિનનું મહત્વ અને ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન અને કવનની ચર્ચા કરી હતી. શાળાના તમામ શિક્ષકો અને એસએમસીના સભ્યોએ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે શાળાના આચાર્યને જીલ્લા કક્ષાએ શ્રેષ્ઠ આચાર્ય તરીકે પસંદગી થવા બદલ શાળા પરિવારે તેમનું સન્માન કર્યું હતું તથા શાળા પરિવાર તરફથી બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું.



રાજ્યમાં પાયાની સુવિધાઓને લઈને ગ્રામ પંચાયત વધુને વધુ સત્તા અને જવાબદારીઓમાં આવે તે હેતુથી FES સંસ્થાના સહયોગથી કડાણા તાલુકાના ૧૯ ગ્રામ પંચાયતોમાં પંચાયત પદાધિકારીઓનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં ખાસ કરીને પંચાયતી રાજ અને ૭૩માં બંધારણીય કાયદા અંગેની સમજ, પંચાયતમાં મહિલાઓની ભાગીદારી અને મહત્વ, પંચાયત સભ્યોની સત્તા, કાર્યો અને ફરજો, ગ્રામ વિકાસ સંગઠન અને ગ્રામ વિકાસ આયોજનનું મહત્વ તથા ટકાઉ વિકાસ અંગેની સમજ વગેરે વિષયો પર ચર્ચા કરવામાં આવેલ.

## (પાન નં.૧ નું ચાલુ)

ગઠબંધનની નીતિ છે......

મોદીએ કહ્યું કે બુંદેલખંડની આ ભૂમિ વીર અને બહાદુરોની ભૂમિ છે. આ જમીનને બીના અને બેતવા બંનેએ આશીર્વાદ આપ્યા છે. મને એક મહિનામાં બીજી વખત સાગર આવવાનો અને તમને બધાને જોવાનો લહાવો મળ્યો. હું શિવરાજજીનો આભાર વ્યક્ત કરું છું કે મને તમારા બધાની વચ્ચે આવવાની અને તમને જોવાની તક મળી. છેલ્લી વખત હું સંત રવિદાસજીના મંદિરના ભૂમિપૂજન માટે આવ્યો હતો. મને એવા પ્રોજેક્ટ્સનું ભૂમિપૂજન કરવાનો લહાવો મળ્યો છે જે નવા પ્રોજેક્ટ્સને વેગ આપશે જે વિકાસને વેગ આપશે. કેન્દ્ર સરકાર આના પર ૫૦ હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવા જઈ રહી છે. આપણા દેશના ઘણા રાજ્યો પાસે એટલું બજેટ નથી જેટલું ભારત સરકાર આજે એક કાર્યક્રમ માટે ફાળવે છે. આ બતાવે છે કે રૂઁ માટે અમારો સંકલ્પ કેટલો મોટો છે. આ તમામ પ્રોજેક્ટ આવનારા સમયમાં હજારો યુવાનોને રોજગાર આપશે. આ પ્રોજેક્ટ્સ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના સપના સાકાર કરવા જઈ રહ્યા છે. બીના રિફાઈનરીના ઉદ્ઘાટન અને શિલાન્યાસ માટે હું દરેકને અભિનંદન આપું છું.

પીએમ મોદીએ એમપીમાં ૫૦,૭૦૦ કરોડની પરિયોજનાઓનો શિલાન્યાસ કર્યો. તેમાં બીના રિફાઈનરીમાં એક પેટ્રોકેમિકલ્સ કોમ્પ્લેક્સ, અને રાજ્યભરમાં ૧૦ નવી ઔદ્યોગિક પરિયોજનાઓ સામેલ છે.

મુખ્યમંત્રી શિવરાજે કહ્યું કે કમલનાથ રાજ્ય માટે અભિશાપ હતા અને આજે પીએમ મોદી રાજ્ય માટે વરદાન બનીને આવ્યા છે. પીએમ મોદીનું જીવન તેમના માટે નથી. પીએમ દેશ અને લોકો માટે જીવે છે. તેઓ લાંબુ જીવે, સ્વસ્થ રહે અને દેશનું નેતૃત્વ કરતા રહે. મહાકાલની કૃપાથી વરસાદે ખેડૂતોને રાહત આપી છે. મધ્યપ્રદેશની જનતા તરફથી પીએમ મોદીને જન્મદિવસની શુભકામનાઓ.

શિવરાજ સિંહે કહ્યું કે જી-૨૦ની ઐતિહાસિક સફળતા બાદ પીએમ મોદી આવ્યા છે. બાળપણમાં આપણે કહેતા હતા કે વિશ્વનું કલ્યાણ થવું જોઈએ, જો કોઈ વિશ્વના કલ્યાણ માટે કામ કરી રહ્યું છે તો આપણા પીએમ કરી રહ્યા છે. મોદી મંત્ર ગુંજી રહ્યો છે. મોદીજીએ સમગ્ર વિશ્વમાં આપણા બધાનું સન્માન વધાર્યું છે. થોડા દિવસો પહેલા ચંદ્રયાનને ચંદ્ર પર ઉતરતું જોયું હતું. આજે ભારતનું ચંદ્રયાન ચંદ્ર પર પહોંચી ગયું છે. આપણે પણ સૂર્ય તરફ આગળ વધી રહ્યા છીએ. કોંગ્રેસે બીના, અશોકનગર, ગુના, સાગર, બુંદેલખંડની જમીન હંમેશા પછાત રાખી છે. આ પેટ્રોકેમિકલ પ્લાન્ટ બની રહ્યો છે, તેમાં ૫૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ થઈ રહ્યું છે, તેનાથી અહીંના લોકોનું ભાગ્ય બદલાઈ જશે. અહીં ૪૦ હજાર લોકોને રોજગાર મળશે. ભવિષ્યમાં ૨.૧૫ લાખ યુવાનોને રોજગારી મળશે. આપણું આ ક્ષેત્ર બદલાઈ જશે. અમે તેમને વંદન કરીએ છીએ અને હૃદયથી તેમનો આભાર માનીએ છીએ. આજે માત્ર બીનાને ભેટ નથી મળી રહી. તેના બદલે પીએમ મોદી રાજ્યના અનેક જિલ્લાઓને ભેટ આપી રહ્યા છે. ૧ લાખ ૨૦૦ કરોડનું રોકાણ કરવામાં આવી રહ્યું છે. બે લાખ ૭૬ હજાર રોજગારીની તકો ઉભી થશે. જો બંનેને જોડવામાં આવે તો ચાર લાખ રોજગારીની તકો ઊભી થશે. કેન અને બેટવા પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. બુંદેલખંડમાં ૨૦ લાખ એકર જમીનમાં સિંચાઈની વ્યવસ્થા કરવામાં આવશે. કોંગ્રેસ, રાજા, નવાબ અને અંગ્રેજોએ સાત લાખ હેક્ટરમાં સિંચાઈની વ્યવસ્થા કરી હતી. જે આજે વધીને ૩૦ લાખ હેક્ટર થઈ ગયું છે.

## દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સંચાલિત પ્રા.શાળામાં વાલી માટે હરીફાઈનું આયોજન



દાહોદ,
દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દાહોદ, સંચાલિત સ્વનિર્ભર પ્રાથમિક શાળામાં વાલી, ભાઈ, બહેનો માટે સર્જનાત્મક કારીગરી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૬૦ વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભરત ગુંથણ, ટી.એલ.એમ.ના નમુના, વોલપીસ, ચંદ્રયાન તથા અલગ અલગ પ્રકારના સૌને આકર્ષિત કરે તેવા ઉત્કૃષ્ટ નમૂના બનાવ્યા હતા. ખૂબ જ અનુભવી નીપુણ એવા શ્રદ્ધા વિશાલ શાહે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી તથા વાલીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જોઈન્ટ ડાયરેક્ટર, કન્વીનર, કો-ઓર્ડીનેટર, આચાર્યએ સૌને આવકાર આપી અભિનંદન પાઠવ્યા હતા. શાળા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વાલી, ભાઈ, બહેનોએ ખુશી વ્યક્ત કરી હતી.

## લીમખેડાના ઘુમણી (દુ) ગામે ઘર આંગણે ક્રુઝર ફોર વ્હીલની ચોરી

દાહોદ,
દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના ઘુમણી (દુ) ગામે ઘરના આગણે લોક મારી પાર્ક કરેલ ક્રુઝર ફોર વ્હીલર ગાડીની ચોરી થતાં પોલીસમાં ફરિયાદ નોંધાંયાંનું જાણવા મળે છે.

ગત તા.૦૮મી સપ્ટેમ્બરના રોજ લીમખેડા તાલુકાના ઘુમણી (દુ) ગામે રોડ ફળિયામાં રહેતાં મુકેશભાઈ જતનભાઈ બારીયાએ પોતાની ક્રુઝર ફોર વ્હીલર ગાડી કિંમત રૂા. ૩ લાખની ક્રુઝર ફોર વ્હીલર ગાડી પોતાના ઘરના આંગણે રાત્રીના સમયે લોક મારી પાર્ક કરી હતી. આ ક્રુઝર ફોર વ્હીલર ગાડીનું અજાણ્યા તસ્કરોએ લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ સંબંધે મુકેશભાઈ જતનભાઈ બારીયાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



મહીસાગર જિલ્લામાં શ્રી ભોમાનંદ હાઈસ્કૂલ નાની સરસણ ખાતે જિલ્લા કક્ષાની ખો-ખો ની રમત યોજાઈ. જેમાં મહીસાગર જિલ્લામાંથી તમામ તાલુકાની ટીમો જેવી કે અંડર-૧૪, અંડર-૧૭, અંડર-૧૯ની ભાઈઓ અને બહેનોની ટીમો આવી હતી જેમાં ખાનપુર તાલુકામાંથી શ્રીમતી પી.એસ.પંડ્યા વિદ્યામંદિર વાવ્યો ભગતના મુવાડા ના અંડર-૧૯ ભાઈઓ અને બહેનોની ટીમનું પ્રતિનધિત્વ કર્યું હતું જેમાં બહેનોની ટીમ જિલ્લામાં વિજેતા થઈ.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

શ્રી કે.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં ૧૪ સપ્ટેમ્બરના રોજ ‘‘હિન્દી સપ્તાહ’’ કાર્યક્રમ અંતર્ગત હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં હિન્દી કાવ્ય પઠન, કાવ્ય ગાન, હિન્દી નિબંધ પ્રતિયોગિતા તથા હિન્દી ભાષણ પ્રતિયોગિતા જેવી વિવિધ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કોલેજના બધા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટના ઉપપ્રમુખ અને કોલેજ કેમ્પસ ડાયરેક્ટર એસ.આર.રાવ તથા ટ્રસ્ટના મંત્રી ડો. પ્રવિણચંદ્ર એમ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા તથા કોલેજના કાર્યકારી આચાર્ય એમ.એમ.પટેલ વિદ્યાર્થીઓને હિન્દી ભાષાના ગૌરવ અને સમ્માન વિશે અવગત કરાવ્યા હતા.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

વૃષભ : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો. જો તમે ધૈર્ય ગુમાવશો તો તમારા પરિવારના સભ્યો સાથે બિનજરૂરી દલીલો થવાની સંભાવના છે. આર્થિક સ્થિતિમાં ઘટાડો થઈ શકે છે.

મિથુન : આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં. કાર્ય વ્યવસાયથી લાભની પૂરેપૂરી સંભાવના છે.

કર્ક : નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં સંયમ નહીં રાખો તો ખરાબ સ્વાસ્થ્ય તરફ દોરાઈ શકો છો. બિનજરૂરી ખર્ચ માનસિક પરેશાની તરફ દોરી શકે છે.

સિંહ : આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે. ઘરના પૂરા નહીં થયેલા કાર્યોથી અસ્વસ્થતા અનુભવી શકો છો.

કન્યા : આજનો દિવસ લાભકારક રહેશે. પ્રકૃતિ ચંચળ હશે. લોકોને તમારી હાજરીમાં હળવાશનો અનુભવ થશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં, છતાં નાણાકીય લાભ ક્યાંકથી અચાનક બનશે. તમે ઘરમાં આરામ વધારવાનું વિચારશો.

તુલા : આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઈચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે. ઘરના કોઈને આપેલ વચન પૂરા કરવામાં વિલંબ થશે, જેના કારણે અશાંતિ થઈ શકે છે. ઘરમાં ખુશાલીના સાધન પાછળ ખર્ચ કરશો.

વૃશ્ચિક : આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો, તેથી કોઈપણ કાર્ય વિચાર્યા પછી જ હાથમાં લેશો.

ધનુ : આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. મનમાં ખોટ થવાના ડરને કારણે તમે કાર્યમાં ઉત્સાહ લાવી શકશો નહીં. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઈ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.

મકર : આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે. વ્યવસાયમાં બધા બિનજરૂરી કામ સરળતાથી થઈ જશે.

કુંભ : આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે. પરિવારના સભ્યો પણ કોઈક કારણસર ગુસ્સે થશે.

મીન : આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે. કુટુંબને તમારા વર્તનનો ઘમંડ ગમશે નહીં, વડીલોથી બચજો.

# દાહોદ જીલ્લા પંચાયત તેમજ ૯ તાલુકા પંચાયતોમાં ચૂંટાયેલા હોદ્દેદારોની બિનહરીફ વરણી કરાઈ

- બીજેપીએ ગઈકાલે મેન્ડેટ જાહેર કરતા આજની ચૂંટણી ઔપચારિક બની રહી.
- લીમખેડા તાલુકા પંચાયતમાં પક્ષના નેતા તરીકે ચૂંટાયેલા તાલુકા સભ્યે પક્ષના નેતા તરીકે રાજીનામું ધરતા ખળભળાટ.

દાહોદ,

દાહોદ જીલ્લાની ૯ તાલુકા પંચાયતો તેમજ જીલ્લા પંચાયતના હોદ્દેદારોના ભારતીય જનતા પાર્ટી દ્વારા મેન્ડેડ જાહેર કરાતાં કહી ખુશી કહીં ગામ નો માહોલ જોવા મળ્યો હતો. પરંતુ પાર્ટીના મેન્ડેડ ને સર્વ માન્ય ગણી તમામ તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતમાં મેન્ડેડમાં જાહેર કરાયેલા હોદ્દેદારો સિવાય અન્ય કોઈએ ઉમેદવારી ફોર્મ ન ભરતા આજે તાલુકા પંચાયત કચેરી તેમાં જીલ્લા પંચાયત કચેરી ખાતે યોજાયેલી ચૂંટણી ઔપચારિક બની જવા પામી હતી. જાહેર કરાયેલા તમામ હોદ્દેદારો બિનહરીફ થતા સર્વાનુંમતે વરણી કરવામાં આવતા ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ તેમજ પાર્ટીના કાર્યકર્તાઓએ ચૂંટાયેલા હોદ્દેદારોને ફૂલહાર પહેરાવી તેમજ એકબીજાને મીઠાઈઓ ખવડાવી આનંદ ઉત્સવ મનાવ્યો હતો. તો સર્વાનુમતે વરણી થયા બાદ હોદ્દેદારોના સમર્થકો તેમજ ભારતીય જનતા પાર્ટીના ઢોલ નગારાના તાલે ઝૂમી ઉઠ્યા હતા.

## લીમખેડા તાલુકા પંચાયતના ચૂંટાયેલા પક્ષના નેતાએ રાજીનામું ધરતા ખળભળાટ

ભારતીય જનતા પાર્ટીએ નવું તાલુકા પંચાયત તેમજ એક જીલ્લા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખ તેમજ અન્ય હોદ્દેદારોની એક દિવસ પહેલા જ મેન્ડેટ જાહેર કરતા ગઈકાલે જાહેર થયેલા હોદ્દેદારોએ ફોર્મ ભર્યા હતા. જેમાં કહી ખુશી કહીં ગામ નો માહોલ પણ જોવા મળ્યો હતો. આમ, તો તમામ તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતમાં પાર્ટીનો આદેશ સર્વ માન્ય ગણિ કોઈ અન્ય દ્વારા ઉમેદવારી ન કરતા તમામ બિનહરીફ ચૂંટાયા હતા. પરંતુ લીમખેડા તાલુકા પંચાયતમાં નીનામાની વાવ તાલુકા પંચાયત બેઠક પરથી ચૂંટાયેલા તાલુકા સભ્ય દિનેશ વરસીંગ ડામોરને બીજેપી દ્વારા લીમખેડા તાલુકાના પક્ષના નેતા તરીકે જાહેર કરવામાં આવ્યા હતા પરંતુ પાર્ટી દ્વારા તેઓને પક્ષના નેતા બનાવ્યા હોવાથી તેઓ નારાજ થયા હતા અને પક્ષના નેતા તરીકે તેઓએ ભારતીય જનતા પાર્ટીના જીલ્લા પ્રમુખ શંકર અમલીયારને સંબોધતો રાજીનામુ મોકલી દેતા લીમખેડા ભાજપના રાજકારણમાં ખળભલાટ પછી જવા પામ્યો છે. તાલુકા સભ્ય દિનેશભાઈ વરસીંગભાઈ ડામોરે ભાજપ પ્રમુખ શંકરભાઈ આંમ હલીયાર ને મોકલેલા રાજીનામામાં જણાવ્યુ છે કે જય ભારત ઉપરોક્ત વિષય અવન્યે આપ ને જણાવવાનું કે હું દિનેશ વરસીંગભાઈ ડામોર લીમખેડા તાલુકા પંચાયતના નિનામાની વાવ તાલુકા પંચાયત સીટ પરથી બીજી વખત તાલુકા સભ્ય તરીકે ચૂંટાયેલો અને હું ભારતીય જનતા પાર્ટીનો સક્રિય કાર્યકર્તા છું. પરંતુ તારીખ ૧૩.૯.૨૦૨૩ ના રોજ આપ ના આદેશથી મને લીમખેડા તાલુકા પંચાયતના પક્ષના નેતા તરીકે હોદ્દાની જવાબદારી સોંપવામાં આવેલ છે. પરંતુ આ હોદ્દાની મારાથી આ જવાબદારી સંભાળી શકાય તેમ નથી. તો આ હોદ્દા પરથી હું રાજીનામું આપું છું જે સ્વીકારવા વિનંતી છે. તારે સઅક્ષર લખાયેલા આ રાજીનામાના પગલે ભાજપના અંદરો અંદર અસંતોષનો ચરૂં કરતો જોવા મળી રહ્યો હોય તેમ લેખાઈ રહ્યું છે.

# આંતરરાજ્ય ઘરફોડ ચોરીના ૧૩ જેટલાં ગુનામાં સંડોવાયેલા બે સગાભાઈઓ લોકલ ક્રાઈમ બ્રાન્ચના સકજામાં




દાહોદ,

દાહોદ LCB પોલીસે મદ્ય પ્રદેશ રાજસ્થાન તેમજ ગુજરાતના જુદા-જુદા શહેરોમાં ઘરફોડ ચોરીને અંજામ આપી સંખ્યાબંધ ગુનામાં સંડોવાયેલા ગરબાડા તાલુકાના વડવા ગામના બે સગાભાઈઓને કંબોઈ નજીકથી ઝડપી પાડી તેમની પાસેથી ચોરીનો ૧ લાખ ઉપરાંતના મુદ્દામાલ રિકવર કરી દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ ખાતે લાવી ઘનિષ્ઠ પૂછપરછ હાથ ધરતા તેઓએ ગુજરાતના મહેસાણા, આણંદ, પાલનપુર, દિયોદર, વિજાપુર, મધ્યપ્રદેશ રાજસ્થાન મહારાષ્ટ્ર તેમજ દાહોદ જીલ્લાના લીમખેડા સહીતના જુદા જુદા વિસ્તારોમાં ૨૨ જેટલી ઘરફોડ ચોરીઓને અંજામ આપી હોવાની કબુલાત કરી હતી.

દાહોદ જીલ્લામાં પોલીસ વડા ડો. રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શન અનુસાર જીલ્લામાં વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા તેમજ જેલ ફરારી આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ અલગ ટીમોનું ગઠન કરી કાર્યવાહીઓ કરાઈ રહી છે. જેમાં છેલ્લા કેટલાય સમયથી વર્ષો સુધી વિવિધ ગુનાઓમાં સપડાયેલા આરોપીઓને ઝડપી પાડવા માટેની ઝુંબેશ અનુસાર LCB પોલીસના પીઆઈ કે.ડી.ડીંડોરને બાતમી મળી હતી કે, જીલ્લા તેમજ જીલ્લા બહારના અને આંતરરાજ્યમાં ઘરફોડ ચોરીના ગુનાઓને અંજામ આપતા વોન્ટેડ આરોપી સુનિલ ઉર્ફે સુનિયો જોરસીંગ બારીયા તથા મનોજ ઉર્ફે મુન્નો જોરસીંગ બારીયા આ બન્ને રહે. વડવા, તાલુકા ગરબાડાના આરોપીઓ કંબોઇ ચોકડી આગળથી માતવા જવાના રસ્તે શંકાસ્પદ ચીજ વસ્તુઓ લઈને ઉભા છે. તેવી બાતમી આધારે LCB પોલીસની ટીમે તાત્કાલિક કંબોઈ ચોકડી નજીક માતવા જવાના રસ્તે પહોંચી બન્ને આરોપીઓ LCB પોલીસના માણસોને ઓળખી લેતા બન્ને આરોપીઓ ભાગવા લાગ્યા હતા. ત્યારે LCBની ટીમે બન્ને આરોપીઓનો પીછો કરી બન્ને આરોપીઓને ઝડપી લીધા હતા અને બન્ને ઈસમોની પૂછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ ન આપતા બન્ને ઈસમો પાસેથી રોકડ રકમ અને ચાંદીના દાગીના કબ્જે લઈ બન્ને ઈસમોને વિશ્વાસમાં લઈ યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરતા બન્ને ઈસમો LCB પોલીસ સમક્ષ પડી ભાંગ્યા હતા અને જણાવ્યું હતું કે, તેઓ પોતે તથા પોતાના સાગરીતો સાથે ભેગા મળી આણંદ, ગ્રામ્ય મહેસાણા ગ્રામ્ય તેમજ લીમખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ અલગ સમયે જુદી-જુદી જગ્યાએથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. તેમની પાસેથી LCB પોલીસે પૂછપરછ દરમિયાન (૧) આનંદ રૂરલ પોલીસ મથકની હદ માંથી ૧,૧૯,૦૦૦ હજાર રોકડા રૂપિયાની ચોરી તેમજ (૨) લીમખેડા પોલીસ મથકની હદમાંથી ચાંદીના બે છડા જેની કિંમત ૭,૫૦૦ રૂપિયાની ચોરી કરી હતી અને અન્ય લીમખેડા પોલીસ મથકની હદ માંથી ચોરી કરી હતી. તેમજ (૩) મહેસાણામાં ૩ ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. (૪) મધ્યપ્રદેશના દેવાસ ધાર બડવાની જેવા જીલ્લાઓમાં ચોરીની ઘટનાઓને અંજામ આપ્યો હતો (૫) રાજસ્થાનના બાસવાડા ગામે બંધ મકાનને નિશાન બનાવી ઘરફોડ ચોરીને અંજામ આપ્યો હતો (૬) અને મહેસાણામાં ૭ ઘરફોડ ચોરીની ઘટનાઓને અંજામ આપ્યો હતો, તેમજ મધ્યપ્રદેશ મહારાષ્ટ્ર તેમજ પાલનપુર સીટી દિયોદર વિજાપુર અને મધ્યપ્રદેશના ખરગોન જેવા પોલીસ મથકોની હદમાં ઘરફોડ ચોરીની ઘટનાઓને અંજામ આપી લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓ પાસેથી ૧૩ અનડીટેક્ટ સહીત વિવિધ પોલીસ મથકોમાં નોંધાયેલા કુલ ૨૨ થી વધુ ગુનાઓને બન્ને આરોપીઓ પાસેથી ડિટેક્ટ કરવામાં LCB પોલીસને સફળતા મળી હતી. જેમાં ઝડપાયેલા આરોપીઓ માંથી સુનિલ ઉર્ફે સુનિયો જોરસીંગ બારીયા રહેવાસી. વડવા બિલવાલ ફળિયું, તાલુકા-ગરબાડા, જીલ્લા-દાહોદ તેમજ તેનો અન્ય સાગરીત મનોજ ઉર્ફે મુન્નો જોરસીંગ બારીયા, રહેવાસી વડવા, મેડા ફળિયું, તાલુકા-ગરબાડા, જીલ્લા દાહોદ નાઓને LCB પોલીસ ઝડપી તેમની પાસેથી રોકડ રકમ ૧,૧૯,૦૦૦ રૂપિયા અને ચાંદીના ચાંદીના છડા મળી કુલ ૧,૨૬,૫૦૦ રૂપિયાનો ચોરીનો મુદ્દામાલ કબ્જે કરી LCB પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# સંજેલીના તરકડા મહુડી ગામે જંગલ ખાતાની જમીન બાબતે ૨૭ ઈસમોએ ફોરેસ્ટના અધિકારી અને કર્મચારીઓ ઉપર હુમલો

દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાના તરકડા મહુડી ગામે જંગલ ખાતાની જમીન બાબતે થયેલ ઝઘડા તકરારમાં ૨૭ જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાના હાથમાં લાકડીઓ લઈ આવી જંગલ ખાતાની જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. ત્યારે તેઓને રોકવા જતાં જંગલ ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓ પર ટોળાએ હુમલો કરી જંગલ ખાતાના કર્મચારીઓને ગડદાપાટ્ટુનો માર મારી કાયદેસરની સરકારી ફરજમાં રૂકાવટ ઉભી કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના ગાડીયા ગામે રહેતાં ચુનાભાઈ વાલાભાઈ કલાસવા, હરસિંગભાઈ નાથાભાઈ કલાસવા, મહેશભાઈ સોમાભાઈ કલાસવા, સતિશભાઈ હરસીંગભાઈ કલાસવા, સુમનભાઈ પુનાભાઈ કલાસવા, શૈલેષભાઈ ચુનાભાઈ કલાસવા, પાર્વતીબેન ચુનાભાઈ કલાસવા તથા તેમની સાથે અન્ય વીસ જેટલા ઈસમોએ પોતાની સાથે લાકડીઓ જેવા મારક હથિયારો લઈ સંજેલી તાલુકાના તરકડા મહુડી ગામે જંગલ ખાતાની જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો ત્યારે તેઓને રોકવા જતાં જંગલ ખાતાના કર્મચારી મેહુલકુમાર ઠાકોરભાઈ પટેલ તથા તેમની સાથેને જંગલ ખાતાના કર્મચારીઓ પર ઉપરોક્ત ટોળાએ હુમલો કરી ગડદાપાટ્ટુનો માર મારી જંગલ ખાતાના કર્મચારીઓને માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

આ સંબંધે સંજેલી તાલુકાના તરકડા મહુડી ગામે જંગલ ખાતામાં ફરજ બજાવતાં મેહુલકુમાર ઠાકોરભાઈ પટેલે સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુર ઝાબુ ગામે ફોરવ્હીલ અને ટુવ્હીલર માંથી ૨.૭૩ લાખનો મુદ્દામાલ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુર પોલીસે ઝાબુ ગામે પાકા ડામર રોડ પરથી રાતે વોચ દરમ્યાન રૂા. ૪૩ હજાર ઉપરાંતની કિંમતના બીયરની સાથે એક ટુ વ્હીલર અને એક ફોરવ્હીલ મળી રૂપિયા ૨,૭૩,૨૦૦નો મુદ્દામાલ પકડી પાડી કબજે લીધાનું જાણવા મળ્યું છે.

ધાનપુર પોલીસે પોતાને મળેલ પ્રોહી અંગેની બાતમીના આધારે ગતમોડી રાતે ઝાબુ ગામે પાકા ડામર રોડ પર જરૂરી વોચ ગોઠવી હતી. તે દરમ્યાન બાઈકના પાયલોટીંગ સાથે આવેલ બાતમીના દર્શાવેલ જીજે-૦૮ બીએન ૩૧૧૬ નંબરની સફેદ કલરની બોલેરો ગાડી દુરથી આવતી નજરે પડતાં વોચમા ઉભેલ પોલીસ સાબદી બની હતી અને નજીક આવતાં જ પાઈલોટીંગમાં આગળ ચાલતી હોન્ડા લીવો મોટર સાયકલના ચાલકે પોલીસની વોચ જોઈ લેતાં તે પોતાની મોટર સાયકલ સ્થળ પર મૂકી નાસી જતાં તે જોઈ બોલેરો ગાડીનો ચાલક કાટું ગામનો નરેશભાઈ ધનાભાઈ મોહનીયા પણ પોતાની બોલેરો ગાડી સ્થળ પર મૂકી નાસી જતાં પોલીસે રૂા. ત્રીસ હજારની કીંમતની હોન્ડા લીવો મોટર સાયકલ તથા રૂા. ૨ લાખની કિંમતની બોલેરો ગાડી પકડી પાડી બોલેરો ગાડી માંથી પોલીસે રૂા. ૪૩૨૦૦ ની કિંમતના માઉન્ટસ બીયર ટીન નંગ-૩૬૦ પકડી પાડી બંને ગાડીણો મળી કુલ રૂપિયા ૨,૭૩,૨૦૦નો મુદ્દામાલ કબજે લઈ ગાડીના ચાલક, બાઈક ચાલક, દારૂ ભરાવી આપનાર તથા બોલેરો ગાડીના માલિક સહિત ચાર જણા વિરૂધ્ધ ધાનપુર પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દાહોદ દ્વારા હિન્દી દિવસ ની ઉજવણી કરાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના ફ્રીલેન્ડગંજ માં આવેલી હિન્દી પ્રાઈમરી સ્કૂલ ખાતે રોટરી ક્લબ ઓફ ડાયમંડ દાહોદ અને જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સયુંકત ઉપક્રમે હિન્દી દિવસની ઉજવણી કરાઇ.૧૪ સપ્ટેમ્બર હિન્દી દિવસ તરીકે દર વર્ષે ઉજવવામાં આવે છે.રોટરી ક્લબ ઓફ ડાયમંડ દાહોદના પ્રમુખ હીરાલાલ સોલંકીની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો હતો.

હિન્દી સેકન્ડરી અને પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ માટે કાવ્ય પઠન, વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં સેકન્ડરી સ્કૂલમાં પ્રથમ તિશા ગુપ્તા, દ્વિતીય પૂજા પ્રજાપત, તૃતીય સત્યા ભારદ્વાજ અને પ્રાઈમરી સ્કૂલમાં પ્રથમ કામિની કોલી, દ્વિતીય સમીર રાય, તૃતીય મયંક રાવત વિજેતાઓ બન્યા હતા. જેઓને ઉપસ્થિત મહાનુભાવોએ પ્રમાણ પત્રો અને મેડલ અર્પણ કરી સન્માનિત કર્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા હિન્દી પ્રચાર સમિતિનાં પ્રમુખ જીતેન્દ્ર ઠાકુર, મંત્રી કિશન સિંઘ, સભ્ય હર્ષરાજસિંઘ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન નરેન્દ્ર પટેલે કર્યું હતું. કાર્યક્રમનું સમાપન આઈ.આર. રાજપૂતે આભાર દ્વારા કર્યું હતું.



દાહોદ જીલ્લાની ઉચ્ચતર ઉત્તર બુનિયાદી શાળા નગરાળામાં જીલ્લા શિક્ષણ અધિકારી સુરેશભાઈ મેડાએ મુલાકાત લીધી. સ્ટેપ લેબની મુલાકાત લીધી હતી. વિજ્ઞાન વિષય પ્રત્યે વિદ્યાર્થીમાં રસ રૂચિ વધે તેના માટે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

# દાહોદના સ્ટેશન રોડ ઉપર ચીકણી માટીના કારણે કેટલાક વાહન ચાલકો સ્લીપ ખાઈને પડી જતા વાહન ચાલકોને ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડાયા



દાહોદ,

દાહોદમાં ૨૪ કલાક ટ્રાફિકથી ધમધમતા સ્ટેશન રોડ વિસ્તારમાં એક તરફ ઉબડખાબડ રસ્તાઓ છે અને તેમજ ઓપન ગટરોના ગંદા પાણી રોડ ઉપર ફરી વળતા કાદવ કીચડ વાળું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. જેના પગલે અત્રેથી પસાર થતાં સંખ્યાબંધ વાહન ચાલકો પોતાનું વાહન લઈને પડી જતા તેઓને ઈજાઓ પહોંચી હોવાનું પણ સામે આવ્યું છે. એક તરફ આ સ્ટેશન રોડને સ્માર્ટ રોડમાં અપગ્રેડેશન કરવા માટે આવ્યા છે, પરંતુ હાલ ચોમાસામાં આ કામગીરી બંધ રહેતા શહેરના રસ્તાઓમાં ઠેર ઠેર ગાબડાઓ પડેલા જોવા મળી રહ્યા છે. તેમાં તાજેતરમાં પાલિકા દ્વારા માટી મેટલ તેમજ કપચી નાખવામાં આવી હતી. જેના પગલે આ રોડની હાલત બદ થી બદતર થવા પામી છે. તેના પગલે આ બિસ્માર રોડ પર એક તરફ દિવસ દરમિયાન ઉડતી ધૂળ જોવા મળી રહી છે. ત્યારે તાજેતરમાં વરસાદ પડતા તેમજ ઓપન ગટરના ગંદા પાણી રોડ ઉપર ફરી વળતા ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. આ કાદવ કીચડવાળા સામ્રાજ્ય માંથી તારીખ ૧૩ મી સપ્ટેમ્બરના રોજ પસાર થતા સંખ્યાબંધ વાહન ચાલકો સંતુલન ગુમાવતા વાહન સાથે સ્લીપ ખાઈને પડી જતા હોય તેવી ઘટનાઓ બનવા પામી છે. જેમાં કેટલાક વાહન ચાલકો ઈજાગ્રસ્ત બન્યા હતા તેમની સાથે સાથે નાના નાના ભૂલકાઓ પણ ઈજાગ્રસ્ત બન્યા હતા. ત્યારે પાલિકા દ્વારા આ કામગીરી વહેલામાં વહેલી તકે કરવામાં આવે જેથી કોઈ નિર્દોષ વાહન ચાલકોને ઈજાઓ ન પહોંચે અને જાનહાનીની ઘટનાઓ ના બને તેવી માંગ સ્થાનિકો દ્વારા કરવામાં આવી હતી.

# ખોબલા જેવા લીમડીમાં થયેલા સાયબર ક્રાઈમનો ભેદ ઉકેલાયો : QR કોડ મારફતે રૂપિયા ખંખેરવાની નવી મોડસ ઓપરેનડીનો પર્દાફાશ




તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના લીમડી ખાતેના વ્યવસાયે સિમેન્ટનો ધંધો કરનાર ડોક્ટર જોડે આર્મી ઓફિસરની ઓળખ આપી આર્મી એકેડેમીનું કામ ગોધરા રોડ ખાતે ચાલે છે, તેમ કહી સિમેન્ટ ડીલર પાસેથી ૮૦ પડાવનાર કુખ્યાત ટોળકીને દાહોદ સાયબર સેલની ટીમે રાજસ્થાનના અલવર ખાતેથી ઝડપી જેલ ભેગો કર્યો હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળેલ છે.

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરના કારઠ રોડ પર રહેતા તબીબ તેમજ સિમેન્ટનો વ્યવસાય કરતા ૩૯ વર્ષીય આશિષ મોહન નાયકને ગત તારીખ ૫-૯-૨૦૨૩ ના રોજ સવારના સુમારે ૯૦૩૪૨૭૮૨૧૩ નંબર પરથી ફોન આવ્યો હતો અને પોતાની ઓળખ આર્મી મેન દિપકનામના વ્યક્તિની ઓળખ આશિષભાઈને આપી જણાવ્યું હતું કે ગોધરા રોડ ખાતે આવેલા પાર્થ એકેડેમી ઉપર આર્મીનું કામ ચાલે છે. તેના માટે ૧૦૦ સિમેન્ટની થેલીઓ જોઈએ છે. તેમ કહી આશિષભાઈ પાસેથી સિમેન્ટ મંગાવી ૪૦ હજાર રૂપિયા આશિષભાઈ ઓનલાઈન આપવાનું કહી આશિષભાઈને વાતોમાં લઈ એકાઉન્ટ માંથી ક્યુઆર કોડ મારફતે ટુકડે ટુકડે તેના એકાઉન્ટમાં કુલ ૮૦ હજાર ટ્રાન્સફર કરાવી આશિષભાઈ સાથે ઓનલાઈન છેતરપિંડી કરી હતી અને આ સંબંધે લીમડી પોલીસ મથકે આશિષભાઈએ નોંધાવેલી ફરિયાદના આધારે લીમડી પોલીસે મોબાઈલ નંબર ૯૦૩૪૨૭૮૨૧૩ નંબરના ધારક વિરૂદ્ધ ઈપીકો કલમ ૪૦૬ ૪૨૦ તથા આઈટી એક્ટ ૬૬ ઈ અને ૬૬ ઉ મુજબનો ગુનો નોંધ્યો હતો અને આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ ૮૦ હજારનો ઓનલાઈન ભોગ બનેલા આશિષ ભાઈની ફરિયાદના આધારે સાયબર સેલના ડી.ડી.પઢીયાર પોલીસ ઈન્સ્પેકટરની ટીમ દ્વારા ગુનામાં સંડોવાયેલા આરોપીઓની તપાસ હાથ ધરી ગુનામાં ઉપયોગમાં લેવાયેલા મોબાઈલ નંબરો મેળવી તેનું ઉંડાણ પૂર્વક એનાલિસિસ કરી ગુન્હામાં સંડોવાયેલા આરોપી રાજસ્થાન રાજ્યના અલવર જીલ્લા ખાતે રહેતા હોવાનું જણાઈ આવતા ડી.ડી.પઢીયાર તેમજ તેમની ટીમ દ્વારા જીલ્લા પોલીસવડા ડો. રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શન અનુસાર રાજસ્થાન ખાતે પહોંચ્યા હતા અને ત્યાંથી ૩ આરોપીઓને ૨ ગુન્હામાં ઉપયોગમાં લીધેલા મોબાઈલ ફોન સાથે ઝડપી પાડયા હતા. જેમાં આરોપી (૧) વાજીદ યુનુસ મેઉ રહેવાસી તેઉવાસ ગામ કોટપૂતલી જીલ્લા અલવર રાજસ્થાન (૨) મોહંમદ આસીફ જમાલ ખાન રહેવાસી રૂગબાર બડી મસ્જિદ પાસે તાલુકા રાજગઢ જીલ્લા અલવર રાજસ્થાન (૩) મુબારક નશરૂદ્દીન મેઉ રહેવાસી લાદીયા ગામ પોલીસ સ્ટેશન ટપુકડા તાલુકા તીઝારા જીલ્લા અલવર રાજસ્થાન નાઓને દાહોદ સાયબર સેલની ટીમ દ્વારા ઝડપી પોલીસ હેડક્વાટર ખાતે લાવવામાં આવ્યા હતા અને આગળની વધુ તપાસ સાયબર સેલ દ્વારા કરવામાં આવી રહી છે.

# દાહોદ શ્રી કૃષ્ણ પ્રણામી આર્ટસ કોલેજ ખાતે હિન્દી દિવસ નિમિતે રાષ્ટ્રભાષા ગૌરવદિન કાર્યક્રમ યોજ્યો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

શ્રી કૃષ્ણ પ્રણામી આર્ટ્સ કોલેજ, દાહોદ ખાતે "હિન્દી દિવસ" નિમિત્તે રાષ્ટ્રભાષા ગૌરવ દિન થીમ અંતર્ગત કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રથમ સત્રમાં સર્વપ્રથમ કોલેજના આચાર્ય ડો. પારૂલસિંહ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ મેહમાનોનો શાબ્દિક સ્વાગત કર્યુ હતું. તે પછી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીથી હિન્દી વિભાગના કો-ઓર્ડીનેટર આદરણીય પ્રો. ડો. જે.એલ. પટેલ મુખ્ય મેહમાન અને વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ કોલેજમાં થતાં કાર્યોની મુલાકાત લીધી અને હિન્દી વિભાગના વિદ્યાર્થીઓની કામગીરીને બિરદાવી, સાથે હિન્દી દિવસ પર પોતાના અમૂલ્ય વિચારો પ્રસ્તુત કર્યા હતા. બીજા સત્રમાં કાવ્યપાઠનો આયોજન કરાયો હતો. જેમાં હિન્દી વિભાગના વિદ્યાર્થીઓ થકી કાવ્યપાઠ કરવામાં આવ્યો હતો. ડો.પારૂલ સિંહના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનો આયોજન અને પ્રથમ સત્ર સંચાલન હિન્દી વિભાગના અદ્યાપિકા ડો.ગાયત્રી લાલવાણીએ કર્યો હતો. બીજા સત્રનો સંચાલન હિન્દી વિભાગની વિદ્યાર્થિની સેજલબેનએ કર્યો હતો. હિન્દી વિભાગના અદ્યાપક રાકેશ ભીલ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ મેઘદુત સોસાયટીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ૩.૩૪ લાખની ચોરી કરી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરની એક રહેણાંક સોસાયટીના બંધ મકાનમાં તસ્કરોએ પોતાનો કસબ અજમાવી બંધ મકાનમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા. ૩,૩૪,૫૦૦/-ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં પંથકમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે.

દાહોદ શહેરના ચાકલીયા રોડ ખાતે આવેલ મેઘદુત સોસાયટીમાં રહેતાં પંકિલકુમાર અગ્રવાલના બંધ મકાનમાં ગત તા. ૧૨મી સપ્ટેમ્બરના રોજ અજાણ્યા ચોર ઈસમોએ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. મકાનના શેડ ઉપર ચઢી તસ્કરોએ પહેલાં માળે ગેલેરીના દરવાજાની જાળી સળીયા જેવા સાધનથીવાળી સ્ટોપર ખોલી મકાનમાં તસ્કરોએ પ્રવેશ કર્યો હતો. મકાનમાં મુકી રાખેલ તિરોજીને તોડી અંદરથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૩,૩૪,૫૦૦ની મત્તાની તસ્કરોએ ચોરી કરી લઈ નાસી ગયાં હતાં.

આ સંબંધે પંકિલકુમાર રમેશચંદ્ર અગ્રવાલે દાહોદ બી. ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



લીમખેડા તાલુકાના ચીલાકોટા કલસ્ટર કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ચીલાકોટા મુખ્ય પ્રા. શાળા પર યોજવામાં આવ્યું. જેમાં કલસ્ટરમાં સમાવિષ્ટ તમામ શાળાઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.21

# શહેરા તાલુકાના ઉજડા ગામના મનરેગા યોજનાના કામોનો ડે. ડી.ડી.ઓ.નો સાંઠગાંઠ ભર્યો તપાસ અહેવાલ...?

- સ્થળ ઉપર અને દસ્તાવેજોમાં ભારે વિરોધાભાસ.
- વિકાસના કામો પૂર્ણ હોવા છતાં હાલ પ્રગતિમાં હોવાનું દર્શાવીને દોષિતોને બચાવવાનો તંત્રનો કારસો.
- જાગૃત અરજદાર દ્વારા જરૂરી પુરાવા અને વિરોધાભાસ મુદ્દા સંદર્ભે પુનઃ તટસ્થ તપાસની ગાંધીનગર કક્ષાએ રજુઆત કરવામાં આવતા ખળભળાટ.

ગોધરા,
શહેરા તાલુકાના ઉજડા ગામે ગ્રામ પંચાયત દ્વારા મનરેગા યોજનામાં ગેરરીતિ આચરાઈ હોવાના મુદ્દે તંત્ર દ્વારા હાથ ધરાયેલી તપાસ બાદ પ્રસિદ્ધ કરાયેલ અહેવાલમાં સરપંચની ષડયંત્ર પૂર્વકની ભૂમિકા જણાઈ આવી છે : વિકાસના કામો ઓનલાઈન પૂર્ણ બતાવ્યા છે. તો બીજી તરફ અહેવાલમાં પ્રગતિ હેઠળ કામ હોવાનું દર્શાવાયું છે. આમ, વિરોધાભાસી અને સાંઠગાંઠ ભર્યા અહેવાલ અંગે પુરતા પુરાવા સાથે પુનઃ ગાંધીનગર કક્ષાએ આક્ષેપયુક્ત રજુઆત કરાઈને દોષિતો સામે પોલીસ કેસ કરવાની માંગ કરવામાં આવતાં ફરી એકવાર મનરેગાનું ભૂત ધૂણતું થયું છે

એક જાગૃત નાગરિક દ્વારા મુખ્ય મંત્રી તથા ગ્રામ્ય વિકાસ કમિશ્નર સુધી કરાયેલી રજુઆતમાં જણાવ્યા મુજબ શહેરા તાલુકાના મોજે ઉજડા ગામે મનરેગાના કામો પુર્ણ થયેલ ન હોવા છતાં પેમેન્ટ કરી ગેરરીતી આચરવામાં આવેલ હોવા બાબતની લેખિત અરજી તા.૧૦/૦૮/૨૦૧૩ ના રોજ આપેલ જેનો ઈનવર્ડ નંબરઃ LF/2023/4860 થી અરજી કરેલ હતી. અરજીના અનુસંધાને સી.એમ.ઓ. કાર્યાલય તરફથી Application Status ઓનલાઈન પ્રસિધ્ધ કરેલ અને તે અનુંસંધાને જિલ્લા વિકાસ અધિકારીએ અરજીના અનુસંધાને તા.૧૪/૮/૨૦૨૩ ના રોજનો સ્થળ તપાસણીનો અહેવાલ Application Status ઓનલાઈન પ્રસિધ્ધ કરેલ છે. જે જોતાં સદર Application Status તદ્દન ખોટ અને ઘણો જ વિરોધાભાસ દર્શાવત હોવાની હકીકતો અને વિગતવાર ખુલાસો રજુ કરવામાં આવ્યા છે. જેમાં Application Status ઓનલાઈન અહેવાલ પ્રસિધ્ધ કરેલ છે, તે જોતાં Application Statusમાં જે કામો તા.૧૪/૮/૨૦૨૩ ના રોજના સ્થળ તપાસણીમાં ફોટોગ્રાફસ સાથે રજુ કરેલ છે અને કામો પ્રગતિ હેઠળ હોવાનો અહેવાલ આપેલ છે, જયારે તે જ કામો અંગે Govt of India Ministry of Rural Development Department of Rural Development Dt. 01 Sep-2023 અહેવાલ જોતાં તે તમામ કામો સને ૨૦૧૯-૨૦૨૦ની સાલમાં પૂર્ણ થયેલ બતાવે છે. આમ, આ કામે મોટા પાયે ગેરરીતી થયેલ હોવાનું પાકુ અને ચોકકસ છે જેથી તે કામો પૂર્ણ થઈ ગયેલ છે કે કેમ? તથા તે કામો સ્થળ પર હજી પ્રગતિમાં છે કે કેમ? તે ચોક્કસ ખાતરી કરાવી અને જો ઓનલાઈન માહિતી ખોટી આપેલ હોય તો થયેલ ગેરરીતી બદલ જવાબદાર અધિકારી સામે કાયદેસર રીતે પ્રોસીક્યુશન ફોજદારી ફરીયાદ દાખલ થવા અને કેટલા નાણાંની ઉચાપત કરવામાં આવેલ છે, તે જવાબદાર સામે ગુનો નોંધવા હુકમ કરવા અરજ કરાઈ છે. અત્રે નોંધનીય છેકે, ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાળાંતર રોકવા બિનકુશળ શ્રમિકોને ઘર આંગણે રોજગારી પુરી પાડવાના હેતુસર અમલમાં આવેલી મનરેગા યોજનાના નીતિનિયમોનો સ્થાનિક સરપંચ દ્વારા સરેઆમ ભંગ કરીને ગેરરીતિ આચરાઈ રહી છે. તે બાબતે જાગૃત નાગરિકે તપાસની માંગના સંદર્ભે અધિકારી દ્વારા તપાસ કરવામાં આવેલી અહેવાલમાં તદ્દન વિરોધાભાષ અને નાણાંકિય ગેરરીતિ કરવાનું ષડયંત્ર રચાયું હોવાનું સ્પષ્ટ પુરાવા સાથે પ્રતિઉત્તર ગાંધીનગર કક્ષાએ રજુ કરવામાં આવતાં ખળભળાટ મચી ગયો છે. જોકે, તપાસ અધિકારી દ્વારા સરપંચને બચાવવા માટે કાગળ ઉપર અને સ્થળ ઉપર મનપસંદ ગોઠવણ કરવાની આવી હોવાના પણ અરજદાર દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા છે. જોકે, સ્પષ્ટ પુરાવા રૂપે રજુ કરેલ દસ્તાવેજ આધારે જો ઉચ્ચ અધિકારી દ્વારા પુનઃ તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે તો દુધનું દુધ પાણીનું પાણી થાય તેમ છે. સ્થાનિક બેકાર ગ્રામજનોને રોજગારી આપવાના બદલે સરપંચ ખુદ લાભાર્થી બનીને મસમોટી રકમ હયભય કરી હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. નાણાંકિય ગેરરીતિ આચરનાર સરપંચ દ્વારા આ યોજનાનો યોગ્ય ઉપયોગ નહીં કરીને સરકારી નાણાંનો દુરવ્યય કર્યો હોવાથી પોલીસ કેસ કરવાની માંગ કરતી લેખિત રજુઆત ગાંધીનગર કરવામાં આવતા મનરેગા સાથે સંકળાયેલા સંચાલકોમાં ભારે દોડધામ મચી ગઈ છે.

## રજુઆતના પગલે તાજેતરમાં ૨૫ જેટલા મનરેગાના સ્ટાફની બદલી કરાઈ

શહેરા તાલુકાના નવા વલ્લભપુર ગામના રહિશ દ્વારા ઉચ્ચસ્તરીય રજુઆત બાદ તપાસ અહેવાલમાં ગેરરીતિ બહાર આવી હતી. જેમાં સ્થાનિક પદાધિકારી અને મનરેગાર સાથે સંકળાયેલ સ્ટાફની ભૂમિકા પણ સંડોવણી બહાર આવી હતી. જેથી આવા લાંચિયા કર્મચારીઓની બદલી કરવાની માંગના પગલે એકાએક સફાળું બનેલ વહિવટી તંત્ર દ્વારા જીલ્લાભરમાંથી આવા શંકાસ્પદ ૨૫ જેટલા ટેકનિકલ તથા અન્ય સ્ટાફની ઉલટસુલટ બદલી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## ગેરરીતિ આચરના સરપંચને પંચનામાના સાક્ષી બનાવાતા આશ્ચર્ય

આ મનરેગા યોજનામાં ઉજડા ગામે આચરાયેલી ગેરરીતિ સંદર્ભે હાથ ધરવામાં આવેલી તપાસ દરમિયાન પંચ તરીકે સરપંચને લેવામાં આવતા આશ્ચર્ય ઉપજે છે. કારણ કે, ગેરરીતિ આચરનાર સરપંચને જ આ પંચનામામાં સહી કરાવવામાં આવતાં તંત્રની કાર્ય પદ્ધતિ શંકાના ઘેરાવામાં આવી ગઈ છે. જોકે, મહત્વની હકીકત એવી છે કે જે લાભાર્થી દિલીપભાઈ ભયજીભાઈ મહેરાનાઓ છે. તેઓને આ કામે પંચ તરીકે દર્શાવવામાં આવેલા છે, જેથી આ કામે તટસ્થ સાહેદ તરીકે અન્ય કોઈ વ્યકિતને રાખેલ નથી પરંતુ એકબીજાના મેળાપીપણામાં કામગીરી થયેલ હોવાની તેમજ ગેરરીતી થયા અંગેની ગહન આશંકા છે. જેથી પુનઃ તપાસ અને પંચનામા અંગે વિચારણા કરી ઉપરોકત બંન્ને સરકારી કામના કાગળો મુજબ યોગ્ય અને તટસ્થ રીતે જોઈ તપાસી યોગ્ય થવા અરજ કરાઈ છે.

## ત્રણ વર્ષ પૂર્વે કામ પૂર્ણ કરેલ હોવા છતાં તપાસ અહેવાલમાં પ્રગતિ હેઠળ દર્શાવાયું

શહેરા તાલુકાના ઉજડા ગામમાં છેલ્લા કેટલાક સમયથી મનરેગા યોજનામાં ભારે ગેરરીતિ આચરાઈ હોવાના મુદ્દે તપાસના અહેવાલમાં જણાવ્યા મુજબ સર્વે નં.૧૧૯ ચેકવોલના કામ તપાસ અહેવાલમાં પ્રગતિમાં હોવાનું જણાવ્યું છે. જ્યારે કેન્દ્ર સરકારની મનરેગા યોજનાની ઓનલાઈન વેબસાઈટમાં આ કામ વર્ષ ૨૦૧૯-૨૦૨૦માં પૂર્ણ કરીને નાણાં ચૂકતે કરવામાં આવ્યા હોવાનું દર્શાવાયું છે. આમ, ત્રણ વર્ષ પૂર્વેનું મંજુર થયેલ કામ પૂર્ણ થયું હોવા છતાં હાલમાં પ્રગતિ હેઠળ હોવાનું કયા સંજોગોમાં દર્શાવાયું છે. તે એક તપાસનો વિષય બન્યો છે.

## માનીતા અને સાંઠગાંઠ ધરાવતા શ્રમિકોને સતત કામ અપાતા અન્યોને અન્યાય

મનરેગાના વિકાસના કામે સર્વે નંબરો જો એક સરખા જણાતા હોય તો એક જ સર્વે નંબર હોય પરંતુ સન ૨૦૧૯-૨૦૨૦ જે લાભાર્થીને લાભ આપ્યો હોય તે જ લાભાર્થી ફરીથી તેવા પ્રકારનો લાભ સને-૨૦૨૩ માં ના મેળવી શકે તેવો નિયમ છે પરંતુ ભ્રષ્ટાચારી સરપંચ દ્વારા અગાઉ લાભાર્થીને લાભ અપાયો હતો તેને જ પુનઃ અન્ય કામમાં લાભ આપીને સીધી રીતે તેની સાથે ભાગીદાર અથવા સાંઠગાંઠ કરી હોવાનું સ્પષ્ટ પણે જોવા મળે છે. માનીતા લાભાર્થીઓને જ મનરેગાના કામો આપીને જોબ નંબર ફાળવવવામાં આવતો હોવાને લઈને અન્ય દિવસો થી બેકારી અવસ્થા ભોગવતા અને કામ કાજ શોધતા સ્થાનિક શ્રમિકને ઈરાદા પૂર્વક રોજગારીથી વંચિત રાખીને અન્યાય કરવામાં આવ્યો હોવાની બુમો ઉઠી છે.

## સરપંચ મટીને મનરેગાના શ્રમિક લાભાર્થી બન્યા

ઉજડા ગામના સરપંચ મેહરા દિલિપભાઈ ભયજીભાઈ છે પરંતુ સર્વે નં.૬૫૮માં હાથ ધરવામાં આવેલા વિકાસના કાર્યો માટે જ સરપંચ મટીને મનરેગાના શ્રમિક લાભાર્થી બનીને પોતે ખોદકામ હાથ ધરવામાં આવ્યું હોવાનું તપાસ અહેવાલમાં બહાર આવતા ખળભળાટ મચી ગયો છે. જોકે, સરપંચ દ્વારા બેરોજગાર શ્રમિકોને રોજગારી આપવાની ભૂમિકા હોય છે. પરંતુ કયા સંજોગોમાં આ સરપંચ દ્વારા રોજગારી આપવાના બદલે ખૂંચવી લઈને લાભાર્થી બની જઈને સરકારી રકમમાં ગેરરીતિ આચરવાનો ખેલ ખેલ્યો હોવાનું બહાર આવ્યું છે. જોકે, હોદ્દાની રૂએ સરપંચ દ્વારા પોતે મનરેગામાં કામ કરી ન શકે તેવી જોગવાઈ છે. તેમ છતાંય શ્રમિક બનીને શ્રમિક કાર્ડ કયા સંજોગોમાં કાઢવામાં આવ્યું અને રોજગારી દિનના વેતન કઈ રીતે ચુકવવામાં આવ્યું તે પણ એક આશ્ચર્ય ઉપજે તેમ હોવાથી તેઓની સામે વસુલાત થવી અનિવાર્ય છે.

## ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે પ્લેટ ફોર્મ-૧ અને ૨ ખાતે યાંત્રિક લિફ્ટનું સાંસદ અને ડીવીઝન મેનેજરના હસ્તે લોકાર્પણ કરાયું



ગોધરા,
ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે જીલ્લા સાંસદ અને રેલ્વે ડિવીઝનલ મેનેજરના વરદ હસ્તે બે લિફટનું લોકાર્પણ કરવામાં આવ્યું. રેલ્વે પ્લેટ ફોર્મ ઉપર લિફટની સુવિધા થતા વૃધ્ધો અને દિવ્યાંગ મુસાફરો માટે આર્શીવાદ સ્વરૂપ રહેશે.

પશ્ચિમ રેલ્વેના વડોદરા મંડળના ગોધરા રેલ્વે સ્ટેશન દિલ્હી-મુંબઈ રેલ માર્ગને જોડતું મહત્વનું સ્ટેશન છે અને ગોધરા રેલ્વે સ્ટેશન ખાતેની દિવસમાં મોટી સંખ્યામાં મુસાફરોની અવરજવર રહેતી હોય છે. રેલ્વે સ્ટેશન ખાતે પ્લેટફોર્મ નં.૧ અને ૨ પરના મુસાફરોની સુવિધા માટે બે યાંત્રિક લિફ્ટ બનાવવામાં આવી છે. યાંત્રિક લિફ્ટનું કામ પુરુ થતાં આજરોજ પંમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ અને ડિવીઝનલ મેનેજરના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. યાંત્રિક લિફ્ટ પ્લેટ ફોર્મ નં.૧ અને ૨ પરના મુસાફરોની સુવિધા માટે ૨૦ પેસેન્જરની ક્ષમતાવાળી લિફ્ટનું ઉદ્દઘાટન કરાયું. ગોધરા રેલ્વે સ્ટેશન ભારત અમૃતમ સ્ટેશનમાં સમાવેશ કરી અત્યાધુનિક રેલ્વે સ્ટેશન બનાવવા રેલ્વે તંત્ર ખાસ મહેનત કરી રહ્યું છે. પંચમહાલ સાંસદ દ્વારા ૧૮મી સપ્ટેમ્બર થી ચાલુ થતાં સત્રમાં ઘણી બધી ટ્રેનો સ્ટોપેજ માટે રજુઆત કરે.

## હાલોલ ચંદ્રાપુરા GIDCની એગ્રો કંપનીના યુનિટમાં આગ લાગતાં લાખો રૂપીયાનો કાચો માલ બળીને ખાખ થયો



હાલોલ,
હાલોલ જીઆઈડીસી ચંદ્રાપુરા ગામે આવેલ એગ્રો કંપનીના યુનિટમાં આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. આગની ઘટનાને લઈ ફાયર ફાયટરો દોડી આવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગના કારણે યુનિટમાં રાખેલ રો-મટીરીયલ બળીને ખાખ થઈ જવા પામ્યું.

હાલોલ જીઆઈડીસી ચંદ્રાપુરા ખાતે આવેલ સન્મુખા જંતુનાશક દવા બનાવતી જંતુનાશક દવા બનાવતી કંપનીના એક યુનિટમાં અચાનક આગ લાગવાનો બનાવ બન્યો હતો. કંપનીના એક યુનિટમાં આગ લાગતાં દોડધામ મચી જવા પામી હતી. આગની ઘટનાને લઈ હાલોલ અને કાલોલ પાલિકાના ફાયર ફાયટરોને જાણ કરતાં દોડી આવ્યા હતા અને એગ્રો કંપનીના યુનિટમાં લાગેલ આગને કાબુમાં લેવામાં આવી હતી. કંપનીના યુનિટમાં આગની ઘટનામાં મોટી માત્રામાં રાખવામાં આવેલ રો મટીરીયલ બળની ખાખ થઈ જતાં લાખો રૂપીયાનું નુકશાન થવા પામ્યું હતું. કંપનીના યુનિટમાં લાગેલ આગમાં સદ્દનસીબે કોઈ જાનહાનિનો બનાવ બનવા પામ્યો ન હતો.

## શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે મહિલા રાજ સ્થપાતા સૌએ વધામણાં કર્યા હતા



શહેરા,
શહેરા પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં તાલુકા પંચાયત કચેરી ખાતે બાકીની અઢી વર્ષની ટર્મ માટે પ્રમુખ તરીકે પુંજીબેન હાજા ભાઇ ચારણ અને ઉપપ્રમુખ તરીકે સુમિત્રા બેન દિલીપ સિંહ બારીયાની વરણી કરાઈ હતી. તાલુકા પંચાયત કચેરી ખાતે મહિલા રાજ સ્થપાતા સૌએ વધામણાં કર્યા હતા.

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે પ્રમુખ અને ઉપપ્રમુખની અઢી વર્ષની ટર્મ પૂરી થતા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી. જ્યારે ગુરૂવારના રોજ પ્રાંત અધિકારી એન.કે. પ્રજાપતિની અધ્યક્ષતામાં મિંટિંગ હોલમાં ચૂંટણી પ્રક્રિયા તાલુકા વિકાસ અધિકારી અને સભ્યોની ઉપસ્થિતિમાં શરૂ કરાઈ હતી. પ્રમુખ તરીકે પુંજીબેન ચારણની વરણી કરવામાં આવવા સાથે ઉપપ્રમુખ તરીકે સુમિત્રા બેન બારીયાની, કારોબારી અધ્યક્ષ રેખાબેન માલીવાડ અને દંડક કપિલાબેન બારીયાની વરણી કરવામાં આવી હતી. જ્યારે નવીન પ્રમુખ અને ઉપપ્રમુખને ઉપસ્થિત સભ્યો અને ભાજપ અગ્રણીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી. જ્યારે અનેક નામોની ચર્ચા પાછલા કેટલાક દિવસોથી ચાલી રહી હોય ત્યારે એક નવા ચહેરાનું નામ પ્રમુખ અને ઉપપ્રમુખના પદ માટે જાહેર થતાં સ્થળ પર કહી ખુશી કહી ગમનો માહોલ સર્જાયો હતો. તાલુકા પંચાયત કચેરીના નવા પ્રમુખ તરીકે પુંજીબેન ચારણની વરણી થઈ હોય ત્યારે ગ્રામીણ વિસ્તારમાં આવેલ વિવધ વિસ્તારોની સમસ્યા હલ કરવામાં સફળ રહેશે કે નહીં એ તો આવનાર દિવસોમાં પ્રજાજનો ખબર પડી શકશે તેમ છે. તાલુકા પંચાયત કચેરી ખાતે મહિલા રાજ સ્થપાતા સૌએ વધામણાં કર્યા હતા.

## કોમર્સ કોલેજ ગોધરાના NSS વિભાગ દ્વારા યોગ શિબિર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



ગોધરા,
દેશના ગૌરવવંતા પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના ૭૩ માં જન્મદિવસ નિમિત્તે સમગ્ર રાજ્યમાં તારીખ ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે આયોજીત બે દિવસની યોગ શિબિર ગોધરાના અટલ ગાર્ડન ખાતે યોજાનાર છે. આ યોગ શિબિર અંગે માર્ગદર્શન આપવાનો કાર્યક્રમ કોમર્સ કોલેજ ગોધરા ખાતે એનએસએસ તથા વ્યાયામયોગ ખેલકૂદ ધારા અંતર્ગત યોજાઈ ગયો. જેમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને યોગ વિશેની સમજૂતી તથા યોગ થી થતા ફાયદા વિશે સમજૂતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે કોલેજની બે વિદ્યાર્થીનીઓ દ્વારા સૂર્યનમસ્કારના તમામ સ્ટેપ એક પછી એક વિદ્યાર્થીને કરી બતાવવામાં આવ્યા હતા.

પ્રારંભમાં કોલેજના પ્રિન્સિપાલ ડો.અરૂણસિંહ સોલંકી, ખેલકૂદ ધારાના ઈન્ચાર્જ ડો. વી એમ પટેલ તથા કોલેજના સાંસ્કૃતિક પ્રવૃત્તિના ઈન્ચાર્જ ડો. એસ.આર. વ્યાસ દ્વારા યોગ અંગેનું વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન એનએસએસની લીડર માનસી ખરાદીએ કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ પ્રોફેસર અજીતસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૧૮૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ યોગ કોચ સોનલ પરીખ તથા સોનલ દરજીના માર્ગદર્શન અને સૂચના મુજબ યોજાયું હતું.

## હાલોલ નવા ઢીંકવા બાયપાસ રોડ ઉપર અજાણ્યા વાહને ૩૮ વર્ષીય યુવાનને અડફેટમાં લઈ મોત નિપજાવ્યું

હાલોલ,
હાલોલ તાલુકાના ઢીંકવા ચોકડી બાયપાસ રોડ ઉપર અજાણ્યા વાહન ચાલકે રોડ સાઈડે ચાલતા રાહદારીને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવતા આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના નવા ઢીંકવા ચોકડી બાયપાસ રોડ ઉપર પુરઝડપે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન ચાલકે પોતાનું વાહન હંકારી લાવી રોડ સાઈડે ચાલતા જતાં રાહદારી પ્રવિણભાઈ ઉર્ફે ચોટલી અભેસિંગ નાયક ઉ.વ.૩૮ (રાયણવાડી, નવીનગરી, હાલોલ)ને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નિપજાવી ગુન્હો કર્યાની ફરિયાદ પાવાગઢ પોલીસ મથકે નોંધાવા પામી.

## શહેરા શારદા મંદિર હાઈસ્કુલમાં સ્વશાસન દિનની ઉજવણી કરાઈ

શહેરા,
શહેરા શારદા મંદીર હાઇસ્કુલમાં સ્વશાસન દિનની ઉજવણી કરવામાં આવી હતી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઓ એક દિવસ માટે શિક્ષક બની ભણાવવાની



ખુશી વ્યક્ત કરી હતી સમગ્ર દિવસ દરમિયાન વિદ્યાર્થીઓએ શાળાનું સંચાલન કર્યું હતું.

શહેરા નગર વિસ્તારમાં આવેલ શારદા મંદિર હાઈસ્કુલ માં સ્વશાસન દિનની ઉજવણી કરાઈ હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને એક દિવસ માટે શિક્ષક બનીને શિક્ષકની જેમ જ તૈયાર થઈને શાળામાં આવ્યા હતા. શિક્ષકની જેમ જ સાથે ભણતા વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યું હતું. વિદ્યાર્થીઓ એક દિવસ માટે શિક્ષક બની ભણાવવાની ખુશી વ્યક્ત કરી હતી. દિવસ દરમિયાન શાળાનું સંચાલન વિદ્યાર્થીઓએ કર્યું હતું. શાળામાં ભણાવતા શિક્ષકોના આશીર્વાદ વિદ્યાર્થીઓએ મેળવ્યા હતા. શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા એક દિવસ માટે શિક્ષક અને આચાર્ય બનેલ વિદ્યાર્થીઓને શિક્ષકદિનનું મહત્વ સમજાવ્યું હતુ. જ્યારે એક દિવસ માટે શિક્ષક અને આચાર્ય બનેલ વિદ્યાર્થીઓએ તેમના પ્રતિભાવો શાળા પરિવાર અને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યા હતા.

## દુધાપુરા પ્રાથમિક શાળાના શિક્ષક રાજેશકુમાર પટેલને ડો. રાધાકૃષ્ણ રાષ્ટ્રીય શિક્ષક સેવા રત્ન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા



ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાની દુધાપુરા પ્રાથમિક શાળાના શિક્ષક રાજેશકુમાર એમ.પટેલ રાધાકૃષ્ણ રાષ્ટ્રીય શિક્ષક સેવા રત્ન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. તેમની સમાજ સેવા, બાળકોની સેવા, શિક્ષણના નવતર પ્રયોગો અને શિક્ષણમાં ગુણવત્તા સુધારા સાથે ઉત્તમ કાર્ય કરવા બદલ ઉમિયા ધામ-ઊંઝા ખાતે ટીમ મંથન દ્વારા પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા છે. સમગ્ર શિક્ષક સમાજ હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.

## મે.ઘોઘંબા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ઘોઘંબા

જન્મ/મરણ અરજી નંબર : ૧૫૧/૨૦૨૩
**અરજદાર : હરીજન કિરણભાઈ જામસીંગ,**
**રહે :- બોરીયા, તા.ઘોઘંબા, જી.પંચમહાલ**
**વિરૂદ્ધ**
**સામાવાળા : જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, બોરીયા**
**બોરીયા, ગ્રામ પંચાયત, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ**
**-: હુકમ :-**

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવાતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયના અરજદારના પુત્રી નામે **હરીજન આરૂસીબેન કિરણભાઈ** નો જન્મ તા.૧૪/૦૩/૨૦૧૮ ના રોજ રહે.બોરીયા, તા.ઘોઘંબા, જી.પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની પુત્રી ના જન્મની નોંધ સામાવાળાના જન્મ/મરણ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.

વાસ્તે સદર હું અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ)માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજુ કરવા. જો તેમ મુદ્દતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુસારની આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો.

આજ તા.૦૮ માહે.સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(બી.એમ.જોષી)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, ઘોઘંબા**